# ગાડું મારૂં કયાં લઈ જાય

હરી તું ગાડું મારૂં ક્યાં લઈ જાય કાંઈ ના જાણું
કાંઈ ના જાણું રે.... કાંઈ ના જાણું...કાંઈ ના જાણું
ધરમ કરમનાં જોડયા બળદિયા,
ધીરજની લગામ તાણું .... કાંઈ ના જાણું

સુખને દુ:ખના પૈંડા ઉપર ગાડું ચાલ્યું જાય
કદી ઉગે આશાનો સૂરજ કદી અંધારૂં થાય
હે......મારી મુજને ખબર નથી કાંઈ (૨)
કયાં મારૂં ઠેકાણું ...... કાંઈ ના જાણું (૨) હરી તું

પાપણ પતાળે સ્વપ્નાં સંધર્યા.....
મનની સાંકળ વાસીરે.... ઉપર મનની સાંકળ વાસી રે
ડગર ડગરીયાં આવે નગરીયાં,ના આવે મારૂં કાશી રે(૨)
હે..ક્યારે વેરણ રાત વીતેને ક્યારે વાયે વહાણું .....
કાંઈ ના જાણું (૨) હરી તું

ક્યાંથી આવ્યો ક્યાં જવાનું ક્યાં મારે રહેવાનું
અગમ નીગમનો ખેલ અગોચર, મનમાં મુંજાવું
હે...હરતું ફરતું શરીર તો છે, પીંજરે એક પુરાણું
કાંઈ ના જાણું (૨) હરી તું